


હવે સાદી પૂજા છોડો. આ લો પાણી ભરેલું તપેલું અને પર્જન્ય યજ્ઞ કરવા માંડો. વરસાદ હજુ નથી આવ્યો !

## શ્રધ્ધાંજલી

આજે ૧ જુલાઈ, ૨૦૧૨. વીર શહીદ વસંત-રજબના ૬૭મા શહાદત દિને તેઓના બધા સદ્‌ગુણોની સુવાસ આપણી આસપાસ મહેકી રહી છે. એમને યાદ કરીએ છીએ ત્યારે એમ નથી થતું કે હિન્દુ-મુસ્લિમ કાર્યકરને આપણે ગુમાવ્યા છે, પણ એમ થાય છે કે એક માનવ પ્રેમી યુવાનો, એક મિત્ર, આપ્તજન આપણા વચ્ચેથી ગયા છે. આપણા દેશની એ કરૂણા અને કમનસીબી છે કે વસંતરાવ અને રજબઅલી જેવા માણસોને આપણે વેરઝેરની ભઠ્ઠીને શાંત કરવા એમાં હોમી દેવા પડ્યા. અને ન્યાયી સમાજની રચનામાં ઉચ્ચતમ ફાળો આપી શકે તેવા ગુણો અને શક્તિની આ રીતે બરબાદી થઈ ગઈ છે. છતાં કોઈપણ રચનામાં કામ જેટલું જ - આજની ઘડીએ બે કોમને જુદી પાડતી આ વેરઝેરની ખાઈ ઉપર આ જાતની પાળ બનાવવાનું કામ અગત્યનું છે. જીવતરમાં એમણે જેટલું કર્યું એથી ઘણું વધારે મૃત્યુથી કર્યું.

આપણે પ્રાર્થના કરીએ કે એમની ભાવના અને કર્તવ્યનિષ્ઠા આપણા સર્વમાં, આપણી સમગ્ર પ્રજામાં ઉતરો. માનવ માનવી બને અને સામેના માનવીને તેના જેવો જ માનવી ગણે, સમજે તો શહીદોની શહીદી અને તેમનાં સ્વપ્નો સાકાર થતાં વાર નહીં લાગે.

આ મહાન શહીદ વીરોને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી અર્પીએ.

- આલોક આનંદ

# દહેગામ તાલુકાના ગણેશપુરા-બારીયાના છાપરા લક્ષ્મીપુરા ગામોમાં યોજાયો શાળા પ્રવેશોત્સવ

### ગણેશપુરા ગામમાં લોકમનોરંજન કરનારા મદારી-ગારૂડીના ભૂલકાઓનું ઉમંગભેર ધોરણ ૧માં નામાંકન કરાયું





ગાંધીનગર, તા. ૩૦

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ શહેરી વિસ્તારના બીજા તબક્કામાં દહેગામ નગરપાલિકા વિસ્તારના ગણેશપુરા, બારીયાના છાપરા અને લક્ષ્મીપુરા ગામોમાં આજે શાળા પ્રવેશોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો.

ગણેશપુરા પ્રાથમિક શાળામાં ૨૬ બાળકો, બારીયાના છાપરા ખાતે ૧૨ બાળકો અને લક્ષ્મીપુરામાં ૯ બાળકોએ આનંદભેર પ્રાથમિક શાળાના ધોરણ ૧માં નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં દહેગામ નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી હિરેનભાઇ પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કુ. દર્શનાબેન જોષી તથા અગ્રણીઓ શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, શ્રી રાજેન્દ્ર ઝા સહિતના મહાનુભાવોએ બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે શિક્ષકોની સાથોસાથ વાલીઓની ભૂમિકાને મહત્ત્વની ગણાવી છેલ્લા દશ વર્ષથી યોજાઇ રહેલું આ જનઅભિયાન વધુને વધુ પરિણામલક્ષી બની રહ્યું છે તેમ જણાવ્યું હતું. તેમણે ત્રણેય ગામોમાં નામાંકન થયેલાં બાળકોને ઉમળકાભેર આવકાર્યા હતા.

આ પ્રસંગે તમામ બાળકોને પાટી, પેન સહિત સ્કુલબેગ આપવામાં આવી હતી. વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગણેશપુરા ગામમાં તો લોકમનોરંજન કરનારા મદારી, ગારૂડી સમાજના બાળકોને ધોરણ ૧માં નામાંકન કરાવ્યું હતું અને પ્રાથમિક શાળામાં અભ્યાસ દરમિયાન ટકી રહેવાનો સંકલ્પ પણ તેમના વાલીઓએ વ્યક્ત કર્યો હતો. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે ગ્રામજનો અને વાલીઓ ઉમળકાભેર મોટીસંખ્યામાં જોડાયા હતા.

## ગાંધીનગર શહેરી કક્ષાની શાળાઓમાં ધો-૧માં ૯૧૭, ૮માં ૯૬૪ અને આંગણવાડીમાં ૯૫૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરી કક્ષામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવનો ત્રિદિવસીય કાર્યક્રમ તા. ૨૮ થી ૩૦મી જૂન-૨૦૧૨ સુધી દરમ્યાન યોજાયો હતો. જે અંતર્ગત શહેરી કક્ષાની શાળાઓમાં ધોરણ-૧માં કુલ- ૯૧૭ બાળકોનું નામાંકન થયેલ છે. ધોરણ-૮ માં કુમાર-૫૫૩ અને કન્યા ૪૧૧ મળીને કુલ-૯૬૪ બાળકોનું નામાંકન થયું હતું. આંગણવાડી/બાલમંદિરમાં કુલ-૯૫૩ ભુલકાઓએ -વેશ મેળવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં યોજાયેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ૩૪ શાળાઓમાં ઈન્ડેક્ષ - સીના મેનેજીંગ ડાયરેકટર શ્રી મુકેશકુમાર, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી સી. આર. ખરસાણ, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણ અધિકારીશ્રી જે.જી.જોષી, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી પૂનમભાઈ મકવાણા સહિત જિલ્લાના એનક અધિકારીશ્રીઓએ -વેશવિધી સંપન્ન કરાવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૧ માં કુમાર-૪૫૮ અને કન્યા ૪૫૯ મળીને ૯૧૭, ધોરણ-૮ માં કુમાર-૫૫૩ અને કન્યા-૪૧૧ મળીને ૯૬૪ અને આંગણવાડીમાં કુમાર-૪૮૯ અને કન્યા ૪૬૪ મળીને ૯૫૩ બાળકોને મહાનુભાવોએ -વેશવિધિ સંપન્ન કરાવી હતી. તે ઉપરાંત ૫ બાળકોનો પુનઃ-વેશ અને ૫ વિકલાંગ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું આ -સંગે શહેરી વિસ્તારની આદિવાડા, સેકટર-૨૮/૨, બોરીજ અને સેકટર-૨૦/૨ની સરકારી -ાથમિક શાળામાં નવીન બનાવેલ ઓરડાઓનું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.તેમજ સરકારી -ાથમિક શાળા સેકટર-૨૪/૨ અને ૨૮/૨માં નવીન ઓરડાઓનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ -સંગે દાતાશ્રીઓ દ્વારા રોકડ સ્વરૂપે ૩૦,૪૬૦ અને ચીજ વસ્તુઓ સ્વરૂપે રૂપિયા ૩,૧૭,૬૫૫નું દાન મળ્યું છે.

## 'સંસ્કૃતિ' સંસ્થા દ્વારા વિના મૂલ્યે 'જૂજવે રૂપે અનંત ભાસે' નાટય શો રજૂ થયો





ગાંધીનગર, તા. ૨૬

શહેરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા વર્ષ ૨૦૧૨ના પ્રથમ કાર્યક્રમ તરીકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની પ્રતિભાશાળી યુવા દિગ્દર્શકોને નાટય નિર્માણ માટે આર્થિક સહાયની યોજના તળે નેમ આર્ટસ, રાજકોટ દ્વારા તૈયાર થયેલ દ્વિઅંકી નાટક 'જૂજવે રૂપે અનંત ભાસે' તા. ૨૯-૬-૧૨ (શુક્રવાર)ના રોજ રાત્રે ૯.૧૫ વાગે બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે રજુ કરવામાં આવ્યું હતું.

વિધેયાત્મક સાહિત્યના સર્જક તરીકે બહુ જાણીતા લેખક ડૉ. આઈ. કે. વિજળીવાળાના ચિન્તનાત્મક નિબંધના પુસ્તકો 'મનનો માળો', 'મોતી ચારો' તથા 'અંતરના ઉજાસ' અત્યંક લોકપ્રિય થયા છે. આ વાર્તાઓનું નાટય રૂપાંતર રાજકોટના શ્રી મનિષ પારેખે કરીને તેને નાટયદેહ આપ્યો હતો. પુસ્તક વાંચતા વાંચતા હૃદય ભરાઈ આવે તેવા પ્રસંગોને આ નાટયકૃતિમાં વણી લેવામાં આવ્યા હતા. અને તેની ગૂંથણીની વિશિષ્ટતા એ હતી કે સુત્રધારા દ્વારા વાર્તાકથનના સ્વરૂપે આ નાટક પ્રસ્તુત થયું હતું. પાટનગરના રસજ્ઞોએ આ નાટકને મન ભરીને માણ્યું હતું.

## બોરીજ ગામના નવાપરાની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવતા બોરીજ ગામના નવાપરાની -ાથમિક શાળામાં આજરોજ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી શ્રી જે.જી.જોષીએ ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોને કંકુ તિલક કરી -વેશવિધિ સંપન્ન કરાવી હતી.

આ -સંગે નાયબ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જે.જી.જોષીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ શરૂ કર્યો તેના પરિણામે સ્વરૂપે આજે રાજયમાં ડ્રોપ આઉટ રેસીયો ૧૭ ટકાથી ઘટીને ૨.૭ ટકા થઇ ગયો છે. આ કાર્યક્રમ થકી ગ્રામજનો અને શાળા પરિવાર એકબીજાની નજીક આવ્યા છે. તેઓશ્રીએ કન્યા કેળવણી પર ભાર મુકીને સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ કન્યાલક્ષી શૈક્ષણિક યોજનાઓની જાણકારી આપી હતી.

ધોરણ-૧માં ૨૯ અને આંગણવાડીમાં ૧૧ બાળકોની -વેશવિધિ સંપન્ન કરવામાં આવી હતી. ધોરણ-૧ માં -વેશ મેળવનાર તમામ બાળકોને દફતર, નોટબુક, ચોપડીઓ, કંપાસ બોકસ આપવામાં આવ્યા હતા.તે ઉપરાંત શાળામાં દાતાશ્રીઓ દ્વારા વસ્તુ અને રોકડનું દાન કરવામાં આવ્યું હતું. જેમાં રોકડ સ્વરૂપે રૂપિયા ૨૨૦૦નું અને એમ્પલીફાયર, આંગણવાડીના રમકડાં, નાની ખુરશી જેવી અનેક ચીજ વસ્તુઓ મળી રૂપિયા ૨૫૦૦નું દાન શાળાને મળ્યું હતું.

આ -સંગે શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને ઉપસથિત સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. દાતાશ્રીઓનું નાયબ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જે.જી.જોષીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બોરીજ ગામના અગ્રણી શ્રી -ધાનજી ઠાકોર, શ્રી નરેન્દ્રભાઇ પંચાલ, સી.આર.સી શ્રી જશોદાબેન ચૌહાણ સહિત વાલીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## સરકારી પ્રાથમિક શાળા જીઈબી ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા જીઈબી કોલોનીનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો.

સરકારી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ-૧માં ૩૨ વિદ્યાર્થીઓ અને ધોરણ-૮માં ૪૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે ગાયત્રી પરિવારના સભ્યોએ કુમકુમ તિલક કરી મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોકત વિધિ મુજબ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત પ્રાર્થના ગીત અને શૌર્ય ગીતનું ગાન કર્યું હતું. આમંત્રિત મહેમાનોનું સ્વાગત આચાર્ય દિપ્તીબેન વસાવડાએ કર્યું હતું. જી.જે. જોષી, જશોદાબેન ચૌહાણ, વિપુલભાઈ બારોટ, હંસાબેન મોદી, સુભાષભાઈ પાંડવ, મહેશભાઈ ભટ્ટ, જયેશભાઈ બારોટ, એસ.એમ.સી.ના અધ્યક્ષ ગીતાબેન વઢિયારી તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. દાતા હરેશભાઈ શાહ, લાલભાઈ, પરમજીત છાબડા, દિપ્તીબેન પાયલબેન, નિર્મળાબેન, રમીલાબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરીવારે સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

## સરકારી પ્રાથમિક શાળા સે. ૨૯/૧ ખાતે પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૯/૧ નો શાળા પ્રવેશોત્સવ તાજેતરમાં યોજાયો હતો. બાલમંદિર અને ધોરણ-૧માં પ્રવેશ મેળવતા બાળકોને નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીએ પ્રવેશ કરાવી શુભેચ્છા પાઠવી હતી.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારે શાળાના તમામ બાળકોને બુંદી અને ગાંઠીયા આપી તિથિભોજન કરાવ્યું હતું. શાળામાં આમંત્રિત મહેમાનોએ બાળકોને પ્રવેશોત્સવની શુભેચ્છા સાથે કંકુ તિલક અને ગળ્યું મોં કરાવ્યું હતું. ગાંધીનગર શહેરના શાસનાધિકારી એન.એમ. રાઠોડ, ભાજપના અધ્યક્ષ રૂચિરભાઈ ભટ્ટ, ભાજપના સભ્યો, લઘુમતિ મોરચાના મહામંત્રી, સાબિહા ભાનુ, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બિપીનભાઈ રાવલ, હરેશભાઈ વાઘેલા, વાલીગણ, એસ.એમ.સી.ના અધ્યક્ષ તેમજ સભ્યોએ આ પ્રસંગે હાજરી આપી પ્રસંગને દીપાવ્યો હતો. એસ.એમ.સી.ના અધ્યક્ષ ચંદુભાઈ પટેલે ધોરણ-૩ થી ૮ના પ્રથમ નંબરે આવેલા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ-૮ના વિદ્યાર્થી આદિલે ખૂબ જ સરસ રીતે અને સફળતાપૂર્વક કર્યું હતું. શાળાના આચાર્યા રશ્મિબેન જોષીએ આભારવિધિ કરી હતી.

# અહિંસા અને કોમી ઐક્યનું આદર્શ દૃષ્ટાંત : વસંત - રજબ

### આદર્શ જીવન જીવી અને તેવા જ આદર્શ મૃત્યુને વરી પ્રત્યેક નાગરિક માટે અને તેમાં પણ વિશેષ સેવાદળના પ્રત્યેક સૈનિક માટે કદી બુઝાય નહીં તેવી પ્રેરણા જ્યોત બંને જલાવી ગયા છે

ભારતના સ્વાતંત્ર્યની પૂર્વ સંધ્યાસમું ૧૯૪૬નું એ વર્ષ હતું. મહંમદઅલી ઝીણા અને તેમની મુસ્લિમલીગના તીવ્ર કોમવાદી પ્રચાર અને સીધા પગલાના આદેશે ભારતભરમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે તંગદિલી સર્જી હતી. અમદાવાદમાં વાતાવરણ દેખીતું શાંત હોવા છતાં તંગદિલીભર્યું ભારેલા અગ્નિ જેવું હતું.



જુલાઈની પહેલી તારીખે રથયાત્રાનો દિવસ હતો. અમદાવાદમાં નીકળેલી રથયાત્રા દરમ્યાન ભારેલા અગ્નિમાં ભડકો થયો. જોતજોતામાં કોમી દાવાનળ ભભૂકી ઊઠ્યો, આખું શહેર કોમી ગાંડપણ સવાર થયેલા ટોળાઓના ખૂની હૂમલા, આગ અને લૂંટફાટના બનાવોથી ખળભળી ઊઠ્યું હતું. આવી પરિસ્થિતિમાં કોમી આગ ઠારવા માટે રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ મથામણ કરતા હતા. તે સાથે સેવાદળના શિસ્તબધ્ધ અને તાલીમ પામેલા સૈનિકો અને કાર્યકરો પોતાની તમામ શક્તિ રેડીને પણ કોમી હુતાશન ઠારી કોમી એખલાસ સ્થાપવા માટે મથતા હતા. સેવાદળના અગ્રણી સૈનિકો... વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણીની જોડીએ ઝનૂની ખૂની હુમલાઓની પરવા કર્યા વગર કોમી એખલાસની કામગીરી દિવસભર કરી. તેમણે ઉશ્કેરાયેલા કેટલાક ટોળાઓને શાંત પાડી ફસાયેલા કેટલાકને બચાવી સહી-સલામત સ્થળે પહોંચાડ્યા. એક મુસ્લિમ ટોળાને સમજાવી શાંત પાડી એક હિન્દુ ધોબીની દુકાન લૂંટાતી બચાવી તો વળી એક મુસ્લિમ



**પ્રસંગસર**

- આલોક આનંદ

ડ્રાયવરને ઉશ્કેરાયેલા હિન્દુ ટોળા પાસેથી છોડાવી સલામત સ્થળે પહોંચાડ્યો. આમ અવિરત શાંતિકાર્ય કરતતા સાંજે સેવાદળના કાર્યાલયે આવ્યા. અનેક કોંગ્રેસી કાર્યકર્તાઓ વચ્ચે વસંતરાવ અને રજબઅલી હાજર હતા. ચારે તરફથી શહેરમાં ફેલાઈ રહેલી કોમી જ્વાળાઓના સમાચાર આવે જતા હતા. બધા કાર્યકર્તાઓ જ્યારે એ પરિસ્થિતિમાં પોતાની જાતને નિરૂપાય અને અસહાય સમજીને થીજી ગયા હતા ત્યારે વસંતરાવ અને રજબઅલીએ આ પરિસ્થિતિમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ જાતે શાંતિ સ્થાપવા માટે લોકોની વચ્ચે જવું જોઈએ અને જરૂર પડે તો પોતાના પ્રાણોની આહૂતિ આપી દેવી જોઈએ એવું કહેતા હતા. પણ કોમી આગની જ્વાળાઓના પ્રાણની આહૂતિ આપવા તો કોણ તૈયાર થાય ? જમાલપુર ખાંડની શેરી પાસે દૂધાભાઈ સોલંકીના ગૅરેજમાં આગ ચંપાઈ હતી અને ખૂની હુમલા પણ થયા છે માટે એમને ત્યાંથી વારંવાર ટૅલિફોન આવે જતા હતા. પણ ત્યાં જવાની હિંમત કરે કોણ ? છેવટે કોમી એકતા તમાટે પ્રાણોની આહૂતિ આપવાની તાલાવેલી ધરાવનારા વસંતરાવ અને રજબઅલીથી રહી શકાયું નહીં. ઘટના સ્થળે પહોંચવા તૈયાર થયા. અન્ય કાર્યકર્તાઓએ તેમને વણસેલી પરિસ્થિતિ જોતા સાધનો, વાહનો અને વધુ કુમક આવે પછી જવાની સલાહ આપી. પરંતુ તેમને વસમી પરિસ્થિતિમાં ફસાયેલાઓની સહાયે એક પળના પણ વિલંબ વિના પહોંચી જવાની જરૂર જણાઈ એટલે તેઓ બીજાઓને પછી આવવાનું જણાવી પોતે તો તરત પગપાળા જ જમાલપુર જવા નીકળી પડ્યા. એમની સાથે દ્વારકાદાસ પટેલ તથા પોપટલાલ સોની જોડાયા અને અંતે શ્રી વસંતરાવ અને રજબઅલી કોમી આતશને ઠારવા શહીદ થયા.

આમ આદર્શ જીવન જીવી અને તેવા જ આદર્શ મૃત્યુને વરી પ્રત્યેક નાગરિક માટે અને તેમાં પણ વિશેષ સેવાદળના પ્રત્યેક સૈનિક માટે કદી બુઝાય નહીં તેવી પ્રેરણા જ્યોત જલાવી ગયા છે. કોમી એખલાસ યજ્ઞમાં હોમાઈ જઈ પોતાના અહિંસા અને કોમી ઐક્યનું આદર્શ દૃષ્ટાંત પૂરું પાડ્યું એ રીતે વસંત-રજબ વીર શહીદો દેશના યુવાનોના પ્રેરણાસ્ત્રોત બની ગયા.

